ક્રમાંકઃમાવિ.૨/આચાર્યભરતી/મીટીંગ/૨૦૧૯/ 18576-776

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બનાસકાંઠા જિલ્લો,પાલનપુર
તારીખઃ 20/૦૬/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા.શાળાઓ,
આચાર્યની ખાલી જગ્યા દર્શાવેલી હોય તેવી ૭૭ શાળાઓ,
જિ.બનાસકાંઠા.

વિષયઃ–બિન સરકારી માધ્યમિક અને ઉ.મા.શાળાઓમાં આચાર્યની ભરતી કરવા બાબત.
સંદર્ભઃ–સંયુકત શિક્ષણ નિયામકશ્રી,માધ્યમિક,કમિશ્નર શાળાઓની કચેરીના પત્ર ક્રમાંકઃ
ઘ/અનદ–૧/૨૦૧૯/૧૪૮૮૯–૧૪૯૨૨ તા.૦૧/૦૬/૨૦૧૯.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેના જિલ્લામાં બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા.શાળાઓમાં આચાર્યની ભરતી કરવા માટે વડી કચેરીએથી તારીખ ૨૩/૭/૨૦૧૯ થી ૨૭/૭/૨૦૧૯દરમ્યાન કરવા જણાવેલ છે.આચાર્ય ભરતી બાબત અંગેની સુચના તેમજ માર્ગદર્શન આપવા સારૂ તે અંગેની મિટીંગ નીચેના સમય અને સ્થળ પર રાખવામાં આવેલ છે તો શાળાના ઈ.આચાર્ય તેમજ મંડળના કોઈ પણ એક પ્રતિનિધિ જે ભરતી પ્રક્રિયામાં હાજર રહેવાના હોય તે અને તમારી શાળાની આચાર્ય ભરતી માટે તાલુકા કેળવણીકાર જે તમે નકકી કરેલ હોય તે તમારી કક્ષાએથી તેઓને જાણ કરીને મિટીંગ માં હાજર રહેવા અંગે જણાવવામાં આવે છે.જેથી અત્રેના જિલ્લા માં આચાર્ય ભરતી પ્રક્રિયા બાબતે ભરતી પ્રક્રિયામાં હાજર રહેનાર દરેક પ્રતિનિધિ તમામ માહિતી જાણી શકે અને ભરતી પ્રક્રિયા બાબતે કોઈ વિસંગગતા રહે નહીં.

**સ્થળઃ–કે.કે.ગોઠી સ્વસ્તિક હાઈસ્કુલ,પાલનપુર(આબુ હાઈવે)**
**તારીખઃ– ૨૬/૬/૨૦૧૯ બુધવાર**
**સમયઃ– બપોરે ૧૧:૩૦ કલાકે**

**સુચનાઃ–**

(૧) આચાર્ય ભરતી અંગેના પત્રકો જે વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે જેની એક નકલ અવશ્ય સાથે લેતા આવવું.

(૨) આ મિટીંગ માં શાળાના ઈ.આચાર્ય તેમજ મંડળના એક જ પ્રતિનિધિ તેમજ તમારી કક્ષાએથી તાલુકા કેળવણીકાર ને જાણ કરી અવશ્ય હાજર રાખવાના રહેશે.

(૩) આચાર્ય ભરતી પસંદગી સમિતિમાં જે નકકી થયેલ હોય તે બે સંચાલક મંડળ ના પ્રતિનિધિ અને તાલુકાબહારના કેળવણીકાર ના નામનો ઠરાવ થયેલ હોય તેની નકલ મંડળના લેટરપેડ પર પ્રમુખ/મંત્રીશ્રી ના સહી સિકકા સાથે અવશ્ય લાવવાનું રાખવું.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

Scanned by CamScanner